**સમય સંદેશ**
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ વદ - ૦૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

સમસ્યાઓ એટલી શક્તિશાળી કદી નથી કારણ કે, કાળી રાત ગમે તેટલી લાંબી હોય પણ સવાર જરૂર અંધકાર હટાવે છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૧૧ ● તારીખઃ ૦૧.૦૭.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ભારત અને યુએસ સંબંધોમાં ખટાશની અટકળો નકારી

## ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચેની દોસ્તીનો રસપ્રદ કિસ્સો કર્યો શેર



**સમય સંદેશઃ ડેસ્ક**

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી હોવાની વાતોને સ્પષ્ટપણે નકારી કાઢી છે. તેમણે બંને દેશો વચ્ચેની મજબૂત દોસ્તીને સમજાવવા માટે એક રસપ્રદ કિસ્સો શેર કર્યો છે, જ્યારે ભારતમાં સવારના ૬ વાગી રહ્યા હતા અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક પીએમ નરેન્દ્ર મોદીને ફોન કરવાનું કહી દીધું હતું.

તાજેતરમાં 'યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ લીડરશિપ સમિટ'ને સંબોધિત કરતા સર્જિયો ગોરે 'ઇન્ડો-પેસિફિક કમાન્ડ'માંથી 'ઇન્ડો' શબ્દ હટાવવા અંગે ચાલી રહેલા વિવાદ પર પૂર્ણવિરામ મૂક્યું હતું. તેમણે કહ્યું કે, ''લેટરહેડ પર શું નામ લખ્યું છે તેનાથી મને કોઈ ફરક નથી પડતો, પરંતુ એ જોવું જોઈએ કે અમેરિકા વાસ્તવમાં શું કરી રહ્યું છે. ગોરે યાદ અપાવ્યું કે ભારત આજે પણ દુનિયાના અન્ય કોઈપણ દેશ કરતાં અમેરિકા સાથે સૌથી વધુ સૈન્ય અભ્યાસ કરે છે અને બંને દેશોના

અનુ પાના નં.૨ પર

# ST કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

## ૫૫ ટકાથી વધીને ૫૮ ટકા થયું, એરિયર્સ પણ ચુકવાશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના હજારો કર્મચારીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા એસટી નિગમના કર્મચારીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. અગાઉ ૫૫ ટકા મુજબ મળતું ઉઅ હવે વધારીને ૫૮ ટકા કરવામાં આવશે.

સરકારના આ નિર્ણયનો લાભ એસટી નિગમના તમામ પાત્ર કર્મચારીઓને મળશે. માત્ર વધારેલા મોંઘવારી ભથ્થાનો જ લાભ નહીં, પરંતુ વધારાની રકમના બાકી રહેલા એરિયર્સ પણ કર્મચારીઓને ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી એસટી નિગમ પર અંદાજે રૂ. ૨૪ કરોડથી વધુનો વધારાનો આર્થિક બોજ પડશે, પરંતુ તેનાથી કર્મચારીઓને સીધો આર્થિક લાભ મળશે. સરકારના જણાવ્યા અનુસાર, આ નિર્ણયના અમલીકરણ માટેના વિગતવાર આદેશો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. કર્મચારીઓના કલ્યાણને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલા આ નિર્ણયને એસટી કર્મચારીઓ માટે મોટી રાહત તરીકે જોવામાં આવી રહ્યો છે.

મોંઘવારી ભથ્થું એટલે કર્મચારીઓને વધતી મોંઘવારીની અસર સામે આર્થિક સુરક્ષા

અનુ પાના નં.૨ પર

# ખેતરોમાં વીજપોલના વળતર મુદ્દે રાજ્ય સરકાર એક્શનમાં

## મોરબીના જેતપરના વિરોધ બાદ નવી પોલિસીની તૈયારી

**સમય સંદેશઃ ગાંધીનગર**

રાજ્યમાં ખેતીની જમીનમાં વીજપોલ ઊભા કરવાની કામગીરીને લઈને છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને મોરબી જિલ્લાના જેતપર સહિતના વિવિધ વિસ્તારોમાં ખેડૂતો દ્વારા આ કામગીરી સામે ઉગ્ર વિરોધ ઉઠાવવામાં આવ્યો છે. ખેડૂતોના આ આક્રોશ અને અસંતોષને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર હવે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય તરફ આગળ વધી રહી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, ખેતીની જમીનમાં વીજપોલ સ્થાપિત થવાના કારણે ખેડૂતોને જે અસુવિધા અને પાક-જમીનનું નુકસાન થાય છે, તેને ધ્યાનમાં રાખીને સરકાર હવે વળતરની એક નવી નીતિ (પોલિસી) જાહેર કરવાની દિશામાં ગંભીરતાથી વિચારણા કરી રહી છે. ખેડૂતોને યોગ્ય અને ન્યાયિક વળતર મળી રહે તે હેતુથી સરકાર દ્વારા હાલમાં વિવિધ સંબંધિત વિભાગો પાસેથી સત્તાવાર અભિપ્રાય મેળવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. આ સંવેદનશીલ મુદ્દે આવતીકાલે યોજાનારી રાજ્ય

અનુ પાના નં.૨ પર

# આખરે દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## સુરતમાં ધોધમાર અઢી ઈંચ વરસાદ વરસતા રાહતઃ સમગ્ર શહેર જળબંબાકારઃ સુરત શહેર જીલ્લામાં ભારે વરસાદ

**સમય સંદેશઃ સુરત**

સુરત શહેર અને સમગ્ર જિલ્લામાં મોડી રાત્રીથી જ ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે પ્રથમ વરસાદમાં જ વહીવટી તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી ગઈ છે. મોડી રાતથી સવાર સુધીમાં અઢી ઇંચ અને સવારે ૬ વાગ્યાથી બપોર સુધીમાં કુલ અઢી ઇંચ મળી કુલ ૫ ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે જિલ્લામાં ૧ થી ૨ ઈંચ જેટલો તોફાની વરસાદ ખાબકતાં કડોદરા જેવા નિચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા છે. કડોદરાની શ્રીનિવાસ સોસાયટીમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જવાથી ૧૦ હજારથી વધુ સ્થાનિક રહીશો, નોકરિયાત વર્ગ અને શાળાએ જતા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરની સાથોસાથ સુરત ગ્રામ્ય અને જિલ્લાના વિસ્તારો જેવા કે કોસંબા, કીમ, કામરેજ અને કડોદરામાં પણ મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. કડોદરા નગરપાલિકા દ્વારા ચોમાસા પહેલાં કરવામાં આવતી પ્રિ-મોન્સૂન સફાઈ અને ડ્રેનેજ કામગીરી માત્ર એક જ વરસાદમાં ધોવાઈ ગઈ છે. કડોદરાની શ્રીનિવાસ સોસાયટીમાં પાણીનો યોગ્ય નિકાલ ન થવાને કારણે ગટર અને વરસાદી પાણી ભેગા થઈને રસ્તાઓ તેમજ નીચાણવાળા ઘરોમાં ભરાઈ ગયા છે. આ

અનુ પાના નં.૨ પર

# કેન્દ્ર સરકાર દ્વારા સ્મોલ સેવિંગ સ્કીમ્સના વ્યાજ દરો યથાવત

## જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૬ ના ક્વાર્ટરમાં PPF, SCSS અને સુકન્યા સમૃદ્ધિ યોજના પર મળશે પહેલા જેટલું જ વ્યાજ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સરકારે જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૬ ક્વાર્ટર (નાણાકીય વર્ષ ૨૦૨૭ ના બીજા ક્વાર્ટર) માટે તમામ નાની બચત યોજનાઓ પરના વ્યાજ દરોની જાહેરાત કરી દીધી છે. સરકારે કોઈપણ યોજનાના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. તમામ સ્મોલ સેવિંગ સ્કીમ પર પહેલા જેટલું જ વ્યાજ મળતું રહેશે. આ વ્યાજ દરો એપ્રિલ-જૂન ૨૦૨૬ ના ક્વાર્ટર જેટલા જ સમાન રહેશે.

નાણા મંત્રાલયના ઈકોનોમિક ડિપાર્ટમેન્ટે મંગળવારે જાહેર કરેલા એક નોટિફિકેશનમાં જણાવ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટર માટે વિવિધ નાની બચત યોજનાઓ પરના વ્યાજ દરો નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ક્વાર્ટર જેટલા જ યથાવત રહેશે. આ નિર્ણયનો અર્થ એ છે કે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, સીનિયર સિટીઝન સેવિંગ સ્કીમ, સુકન્યા સમૃદ્ધિ યોજના, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ અને પોસ્ટ ઓફિસ મંથલી ઈનકમ સ્કીમ જેવી લોકપ્રિય સરકારી બચત યોજનાઓમાં રોકાણ કરનારા રોકાણકારોને સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન સમાન રિટર્ન મળતું રહેશે.

સીનિયર સિટીઝન સેવિંગ સ્કીમ અને સુકન્યા સમૃદ્ધિ યોજના જેવી મુખ્ય નાની બચત યોજનાઓમાં વાર્ષિક ૮.૨ ટકા નું સૌથી વધુ વ્યાજ મળશે. નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ પર ૭.૭ ટકા નો વ્યાજ દર મળી રહ્યો છે. જ્યારે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ પર વાર્ષિક ૭.૧ ટકા નો વ્યાજ દર યથાવત રાખવામાં આવ્યો છે. પોસ્ટ ઓફિસ મંથલી ઈનકમ સ્કીમ પર ૭.૪ ટકા નો વ્યાજ દર ચાલુ રહેશે. કિસાન વિકાસ પત્ર પર ૭.૫ ટકા નો વ્યાજ દર છે અને આ રોકાણ ૧૧૫ મહિનામાં મેચ્યોર થશે.

પોસ્ટ ઓફિસની ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ દરો પણ

અનુ પાના નં.૨ પર

# પયગંબર મુહમ્મદની શાનમાં ગુસ્તાખી કરનાર ભાજપ નેતા સામે કડક કાર્યવાહીની માંગણી

## જામનગર AIMIM દ્વારા જિલ્લા કલેક્ટર અને જિલ્લા પૉલીસ વડાને આવેદનપત્ર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

તાજેતરમાં ભાજપ નેતા નાઝિયા ઇલાહીખાન (રહે. કોલકાતા, પશ્ચિમ બંગાળ) દ્વારા એક ઇન્ટરવ્યુ દરમિયાન મુસ્લિમ ધર્મના પયગંબર હઝરત મુહમ્મદની શાનમાં અત્યંત હલકી કક્ષાની ટિપ્પણી કરવામાં આવતા સમગ્ર મુસ્લિમ સમુદાયની ધાર્મિક લાગણીઓ દુભાઈ છે. આ ઘૃણાસ્પદ કૃત્યના વિરોધમાં ઓલ ઈન્ડિયા મજલીસ-એ-ઈત્તેહાદુલ મુસ્લીમીન, જામનગર દ્વારા કલેક્ટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે.

AIMIM દ્વારા માંગ કરવામાં આવી છે કે, નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૯૯ અને IT ACT ૬૭ હેઠળ તુરંત બિન-જામીનપાત્ર ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં રીક્ષા ચાલકો માટે નવી 'પી.એસ. આઈડેન્ટિફીકેશન પોલિસી' અમલમાં

## કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ કરવા પોલીસની અનોખી પહેલ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા તેમજ રીક્ષા માલિકો અને ચાલકો સાથે ત્વરિત સંપર્ક અને સંકલન સાધી શકાય તે માટે જામનગર પોલીસ દ્વારા એક વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ નવી 'પી.એસ. આઈડેન્ટિફીકેશન પોલિસી' અંતર્ગત જામનગર શહેરના સીટી-એ ડિવિઝન, સીટી-બી ડિવિઝન અને સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દોડતી દરેક રીક્ષાને એક વિશિષ્ટ પોલીસ

અનુ પાના નં.૨ પર

# વિસાવદરની કન્યા કેળવણીની શાન સમાન શાળા ભસ્મીભૂત થવાના આરે

## સંચાલકોની નિષ્ક્રિયતા સામે લોકઆક્રોશ



**સમય સંદેશઃ વિસાવદર**
**(હરેશ મહેતા દ્વારા)**

વિસાવદર પંથકની કન્યા કેળવણી માટે એક સમયે શ્રેષ્ઠ પસંદગી ગણાતી એન.સી.પરમાર ગર્લ્સ હાઈસ્કૂલ અને તાલુકાની પ્રથમ કોલેજ દેવમણી કોલેજનું જે બિલ્ડિંગમાં સંચાલન થતું હતું, તેવી વિદ્યા સંસ્થા આજે દુર્દશાનો ભોગ બની ભસ્મીભૂત થવાના આરે આવીને ઊભી છે. એક સમયે વિદ્યાના પવિત્ર મંદિર સમાન આ સંસ્થાને નિર્માણ કરવામાં વિસાવદર તાલુકાનાં શ્રેષ્ઠ નાગરિકો તરીકેની આજે પણ ગણના થાય છે એવા દિવંગત ટ્રસ્ટીઓ સ્વ. કાન્તિભાઈ ચોલેરા, સ્વ. રસૂલભાઈ હિરાણી, ડો. એસ.પી. દેસાઈ, ડો. જયંતભાઈ પરીખ અને સ્વ. હરિભાઈ કાનાબાર જેવા મોભીઓએ અથાગ પરિશ્રમ કર્યો હતો, પરંતુ તેમના અવસાન બાદ આજે આ સંસ્થા મરણપથારીએ છે.સ્વર્ગેસ્થ આત્માઓ પણ સ્વર્ગેમાથી આ સંસ્થાની અવદશા જોઈ ભારે વ્યથિત હશે.

આજે સંસ્થાની પ્રગતિ માટે કોઈ ચોક્કસ રણનીતિનો અભાવ વર્તાઈ રહ્યો છે. પરિણામે, વિદ્યાર્થીઓની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે અને સંચાલક મંડળ દ્વારા કોઈ પણ પ્રકારના પરિણામલક્ષી પગલાં લેવામાં આવતા નથી. શાળાના ક્લાસરૂમો અત્યારે ખંડેર હાલતમાં ફેરવાઈ ગયા છે, જ્યારે પ્રયોગશાળાઓ અને યુરિનલ બ્લોક પણ સાવ બિસ્માર હાલતમાં છે. બિલ્ડીંગની આવી કથળતી જતી સ્થિતિને જોતા આદર્શ ગણાતી આ સંસ્થાના અસ્તિત્વ સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

# જામનગરના લીમડા લાઈનમાં બબાલઃ મકાન માલિકે જાણીતા મોબાઈલ વેપારી પર હુમલો કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વ્યસ્ત અને જાણીતા વેપારી વિસ્તાર લીમડા લાઈનમાં એક સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે, જ્યાં સામાન્ય બાબતે થયેલી બબાલ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. અહીં એક મકાન માલિકે કોઈ અગમ્ય કારણોસર આ વિસ્તારના એક જાણીતા મોબાઈલ વેપારી સાથે બોલાચાલી કર્યા બાદ આવેશમાં આવીને તેમના પર ઝાપટો વારી દઈ ક્રૂરતાપૂર્વક માર માર્યો હતો. ધોળા દિવસે વેપારી પર થયેલા આ હુમલાના પગલે સ્થાનિક બજારના અન્ય વેપારીઓ અને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને વિસ્તારમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી; આ હુમલાના ભોગ બનેલા વેપારી તુરંત જ ન્યાયની માંગ સાથે સીધા પોલીસ મથકે પહોંચ્યા હતા, જ્યાં પોલીસે આ મામલે ગુનો નોંધી હુમલાખોર મકાન માલિક સામે કાયદેસરની તપાસ હાથ ધરી છે... વધુ વિગતો મેળવાઈ રહી છે.

# જામનગરઃ શાળા નં.૧૯ના આચાર્ય દ્વારા વિદ્યાર્થીને માર મારવામાં આવતા ચકચાર

## દલિત સમાજના આગેવાનો હોસ્પિટલ દોડી આવ્યા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની શાળા નં.૧૯માં આચાર્ય રામભાઈ ચાવડાએ એક માસૂમ વિદ્યાર્થીને કાનના ભાગે બેરહેમીથી પછાડીને ગંભીર માર માર્યો હતો. આ હુમલાના કારણે વિદ્યાર્થી ધ્રુવ પ્રવિણભાઇ પાંડાવદરાને કાનમાં અસહ્ય ઈજા થતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. સોમવારે બનેલી આ ઘટનાની જાણ થતાં જ દલિત સમાજના અગ્રણીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને આચાર્ય સામે તાત્કાલિક એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ સાથે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે.


## તંત્રી સ્થાનેથી..

# પેધી ગયેલા 'અતિથિ' !

દેશમાં ઘુસણખોરોની, ખાસ કરીને બાંગ્લાદેશી ઘુસણખોરોની. સંખ્યાનો ચોક્કસ અંદાજ લગાવવો મુશ્કેલ છે, પરંતુ તેમાં કોઈ શંકા નથી કે તેઓ નોંધપાત્ર છે. બાંગ્લાદેશી ઘુસણખોરો અને રોહિંગ્યાઓ દેશના લગભગ દરેક ભાગમાં જોવા મળે છે. ઘણા શહેરોમાં, તેઓ લાંબા સમયથી રહે છે અને છેતરપિંડી કરીને વિવિધ ઓળખ કાર્ડ તેમણે આબાદ રીતે મેળવ્યા છે. ઉત્તરપૂર્વ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં, તેઓ મતદાતા પણ બન્યા છે અને સરકારી યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. ઘૂસણખોરીની સમસ્યા વર્ષો જૂની છે, પરંતુ કોઈ પણ કેન્દ્ર સરકારે હજુ સુધી તેના ઉકેલ માટે નક્કર પગલાં લીધા નથી. પરિણામે, ઘૂસણખોરી સતત ચાલુ રહે છે. એવું માનવાના સારાં કારણો છે કે ગેરકાયદે ઘૂસણખોરોને દેશમાં લાવવામાં અને દેશના વિવિધ ભાગોમાં સ્થાયી થવા માટે તેમને ઓળખ કાર્ડ પૂરા પાડવામાં એક રાષ્ટ્રવ્યાપી ગેંગ સક્રિય છે, જેના તરફ તો હજુ કેન્દ્રનું ધ્યાન નથી. આ સંજોગોમાં, ઘૂસણખોરોને ઓળખવા, પકડવા અને દેશનિકાલ કરવા માટે એક સુનિયોજિત વ્યૂહરચના વિકસાવવી જોઈએ. બધી રાજ્ય સરકારોએ આ વ્યૂહરચનામાં સક્રિયપણે સહયોગ કરવો જોઈએ. ઘુસણખોરો સામે કડક કાર્યવાહી કરવી જરૂરી છે, કારણ કે તેઓ માત્ર દેશનાં સંસાધનો પર બોજ જ નથી ઊભો કરી રહ્યા, પરંતુ ઘણા સરહદી વિસ્તારોના સામાજિક માળખાને પણ બદલી રહ્યા છે. ઘણી જગ્યાએ, તેમની પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઊભો કરે છે. ઘુસણખોરોને ઓળખવા અને તેમને દેશનિકાલ કરવા જ જરૂરી નથી, પરંતુ ભવિષ્યમાં દેશના કોઈપણ ભાગમાં ઘૂસણખોરીને રોકવા માટે સરહદ સુરક્ષા પગલાં પણ સ્થાપિત કરવા જરૂરી છે. આ હાંસલ કરવા માટે, સરહદોને અભેદ્ય બનાવવાના ચાલુ કાર્યને વધુ મજબૂત બનાવવાની જરૂર પડશે. ભારતની અનેક સરહદો છે. ભૂમિ અને સમુદ્રની સીમાઓ પર હજુ પણ જાપ્તો પૂરતો નથી તે વાત તમામ પાડોશી દેશો સારી રીતે જાણે છે. સરહદો ખુલ્લી ન હોય તો હજારો ને લાખોની સંખ્યામાં આ વણનોતર્યા અતિથિઓ ભારતમાં કઈ રીતે ધામા નાખે? હવે આ ધરાર અતિથિઓની ધરાર વિદાયનું અભિયાન સરકાર કઈ રીતે પાર પાડે છે તે જોવાનું રહે છે. ઘૂસણખોરોને ઓળખવા અને દેશનિકાલ કરવા માટે કાર્યવાહી શરૂ કરવા માટે કેન્દ્રના ગૃહખાતાએ નવેસરથી ફરી તમામ રાજ્યોના પોલીસ મહાનિર્દેશકો અને કેન્દ્રીય એજન્સીઓના વડાઓ સાથે જે બેઠક બોલાવી હતી તે આ અભિયાન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા તો દર્શાવે છે, પણ આ કામ દેખાય છે એટલું આસાન નથી.



## હાલારના હાલહવાલ



# પાણી માટે વલખાઃ ઓખા નગરપાલિકાની ઘોર બેદરકારી, સુરજકરાડી-આરંભડામાં ૮ થી ૧૦ દિવસે પાણી મળતા ગૃહિણીઓ ત્રાહિમામ

**સમય સંદેશઃ જામનગર**
**(બુધાભા ભાટી દ્વારા)**

ચાલુ ઉનાળાની કાળઝાળ અને અસહ્ય ગરમી વચ્ચે ઓખા નગરપાલિકા વિસ્તારમાં પાણીની તીવ્ર કટોકટી સર્જાઈ છે. પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને અનિયમિતતાના કારણે ઓખા નગરપાલિકા હેઠળ આવતા સુરજકરાડી અને આરંભડા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી લોકોને માત્ર ૮ થી ૧૦ દિવસે પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, જેને પગલે સ્થાનિક ગૃહિણીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

જ્યારે નગરપાલિકાની ચૂંટણી હતી ત્યારે નેતાઓ દ્વારા દર ૨ થી ૩ દિવસે નિયમિત પાણી વિતરણ કરવાના મોટા-મોટા વાયદાઓ કરાયાં હતાં, પરંતુ સત્તા પર આવ્યા બાદ હોદ્દેદારો આ વચનો સાવ વિસરી ગયા હોય તેમ લાગી રહ્યું છે.

આ પાયાની સુવિધાના અભાવે સ્થાનિક રહીશોની હાલત કફોડી બની છે અને લોકોને દૈનિક વપરાશ માટે નાછૂટકે મોંઘા દાટ ભાવના પાણીના ટેન્કરો વેચાતા લેવાની ફરજ પડી રહી છે. પાલિકાને નિયમિત વેરો ચૂકવવા છતાં મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો પર આના લીધે વધારાનો આર્થિક બોજ આવી પડ્યો છે.

સ્થાનિક નગરજનોમાં પાલિકાના આ કુંભકર્ણ વહીવટ સામે પ્રચંડ આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે કે, તંત્ર વહેલી તકે પોતાની કાર્યપદ્ધતિ સુધારે, પાણીનું વિતરણ રોજ અથવા એકાંતરે નિયમિત કરે, પૂરતા ફોર્સથી પાણી પૂરું પાડે તેમજ પાણી વિતરણનું એક ચોક્કસ ટાઈમટેબલ જાહેર કરીને જનતાને આ હાડમારીમાંથી મુક્તિ અપાવે.

# કરોડોના બોગસ બિલીંગ અને જીએસટી ચોરીના નેટવર્કની તપાસમાં કરોડોની મિલ્કત ટાંચમાં લેવાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં કરોડો રૂપિયાના બોગસ બિલિંગ અને જીએસટી કરચોરીના સંગઠિત નેટવર્ક સામે રાજ્ય વેરા વિભાગે અત્યાર સુધીનું સૌથી મોટું મેગા ઓપરેશન હાથ ધર્યું છે. આ કાર્યવાહી અંતર્ગત ૨૦થી વધુ સ્થળોએ એકસાથે દરોડા પાડવામાં આવ્યા છે.

જીએસટી વિભાગનો કાયદાકીય સકંજો કસાતા જ બ્રાસ સિટીના વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે અને કૌભાંડના મુખ્ય સૂત્રધારો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. જીએસટી કૌભાંડમાં સંડોવાયેલા તત્વો સામે કડક કાર્યવાહીના ભાગરૂપે જીએસટી વિભાગ દ્વારા ૫ પેઢીઓની સંચાલકોની કરોડોની મિલકતો જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જેમાં રાજ્ય વેરા વિભાગ દ્વારા દેવ ઈમ્પેક્ષન સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

રિધમ મેટલની માલિકીનો ઔદ્યોગિક શેડ વિભાગ દ્વારા જપ્ત, શ્રી રામ મેટલની દરેડ શિવમ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ખાતે આવેલી અંદાજે ૧ કરોડ રૂપિયાની મિલકત (ઔદ્યોગિક શેડ) જપ્ત કર્યો છે, અને આરોપી હાલ ફરાર છે. એન્જલ એન્ટરપ્રાઈઝની ચંદ્રાગા ગામમાં આવેલી વાડી તેમજ મકાન જપ્ત કરવામાં આવ્યું છે. ખોડલ એન્ટરપ્રાઇઝની મિલકતો અંગે હાલ જીએસટી વિભાગ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે. જીએસટી વિભાગની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, ભાવનગર અને જસદણના અમુક ઇસમો દ્વારા જામનગરમાં બોગસ પેઢીઓ ખોલવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના 30 હેડ કોન્સ્ટેબલને ASI તરીકે બઢતી



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા કુલ 30 હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકેના પ્રમોશન આપવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા દ્વારા ગઈકાલે સોમવારે જારી કરવામાં આવેલા એક સામૂહિક ઓર્ડરમાં જિલ્લાના ખંભાળિયા, વાડીનાર, ભાણવડ, દ્વારકા, ઓખા, એસ.ઓ.જી. સહિતના જુદા જુદા પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા કુલ 30 પોલીસ કર્મીઓને બઢતી આપી અને એએસઆઈ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જો કે આ તમામ એએસઆઈ જે-તે પોલીસ મથકમાં જ ફરજ બજાવશે.

# બેટ દ્વારકામાં બે માછીમારો સામે કાર્યવાહી

**સમય સંદેશઃ દ્વારકા**

બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા ફરીદ હસન સપ (ઉ.વ. ૪૩)અને સદામ સતારભાઈ પાંજરી (ઉ.વ. ૨૨) નામના બે માછીમારોએ હાલ ચોમાસાની સિઝનમાં માછીમારી કરવા જવા સામે પ્રતિબંધ અંગેનું જાહેરનામું હોવા છતાં પોતાની યાંત્રિક બોટમાં માછીમારી કરવા જતા પોલીસે ઝડપી લઈ, આ બંને સામે બી.એન.એસ. અને ફિશરીઝ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# કાલાવડના પેટ્રોલ પંપમાં ધમાલ કરનાર આરોપી થાર ચાલક ઝડપાયો

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડના છતર ગામે વસુંધરા પેટ્રોલપંપ ખાતે તા.૨૮/૦૬/ ના રોજ પેટ્રોલપંપના સંચાલક સાથે ઝપાઝપી અને બબાલ થઈ હતી. આ અંગેના વાયરલ સીસીટીવી ફુટેજમાં ૪ થી ૫ જેટલા શખ્સો દ્રશ્યમાન થઇ રહ્યા હતા.

જોકે અરજદાર પેટ્રોલપંપના સંચાલકે એક શખ્સ સામે જ પોલીસમાં અરજી કરતા પોલીસે નશાની હાલતમાં બોલાચાલી અને ઝપાઝપી કરનારા આરોપી રણજીત રામસંગ ચૌહાણ (ઉ.વ.૨૧ રહે. મોટી માટલી ગામ તા.કાલાવડ જી.જામનગર) નામના શખ્સને પકડી પાડ્યો હતોં.

આરોપી મોટી માટલી ગામ બસ સ્ટેન્ડ ખાતેથી હોવાની બાતમીના




આધારે પોલીસે દોડી જઇ આરોપીને પકડી પાડ્યો હતો. પોલીસે મોટર વ્હીલ એક્ટ તેમજ પ્રોહીબીશન ધારા મુજબ કાર્યવાહી કરી થાર કાર ડીટેઇન કરી હતી. ખુલ્લામાં વોશરૂમ કરવાની મનાઈ કરતા આરોપીએ પેટ્રોલપંપ સંચાલક સામે બબાલ કરી હોવાનું સામે આવ્યું છે.

# જુગાર અંગેના ચાર દરોડામાં ચાર ઝડપાયા બે શખસો ફરાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સીટી 'એ' ડિવિઝન વિસ્તારમાં મોટાપીર ચોક પાસે જાહેરમાં ઘોડીપાસાના જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા હફિજ મામદભાઈ મૈતર ઝડપાઈ ગયો હતો, જ્યારે શબીર ઉર્ફે આડો અને મજીદભાઈ બાજરીયા સહિત બે શખ્સો ફરાર થઈ ગયા હતા. સ્થળ પરથી રોકડા રૂપિયા ૩૧૦ સહિતનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધાયો છે.

આ ઉપરાંત કાલાવડ ટાઉન પોલીસે ચમન ટેકરી વિસ્તારમાંથી ફૈઝલભાઈ ફારૂકભાઈ ખેડારાને જાહેરમાં વરલી મટકાના આંકડા લખી જુગાર રમાડતા ઝડપી રોકડા રૂપિયા ૨૦૦ સાથે મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

લાલપુર પોલીસે શિવાજીના પુતળા નજીકથી ચેતનભાઈ પ્રવિણભાઈ ઢાકેચાને વરલી મટકાનો જુગાર રમાડતા ઝડપી તેની પાસેથી રૂપિયા ૩૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે જામજોધપુર પોલીસે ગાય સર્કલ પાસે ભાવેશગીરી પ્રતાપગીરી ગૌસ્વામીને વરલી મટકાના જુગાર સાથે ઝડપી રોકડા રૂપિયા ૧૬૦ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.ચારેય બનાવોમાં સંબંધિત પોલીસ મથકોએ જુગારધારા હેઠળ અલગ-અલગ ગુનાઓ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર શહેર એસ.ટી. ડેપો ખાતે વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા બે કંડક્ટર ભાઈઓનો વિદાયમાન સમારોહ યોજાયો




**સમય સંદેશઃ જામનગર**

જામનગર એસ.ટી. ડેપો ખાતે ફરજ બજાવતા કંડક્ટર બાબુલાલ સોલંકી અને જે. પી. ગોધાણી વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો ભવ્ય વિદાય અને સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જામનગર વિભાગના વડા બી. સી. જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જામનગર ડેપો મેનેજર શ્રી મોરી, એ.ડબલ્યુ.એસ. શેખાબેન, લાઈન ચેકિંગ ઇન્ચાર્જ અને ઉપપ્રમુખ સંજય ડોડીયા, મજૂર મહાજનના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજા, એસ.ટી. કર્મચારી મંડળના કાર્યકારી પ્રમુખ શિવભદ્રસિંહ ચુડાસમા, પ્રિન્સિપાલ શ્રી મકવાણા, શ્રી વાઘ, ટી.આઈ. કાપડી, એ.ટી.આઈ. જાડેજા, એ.ટી.આઈ. લૈયા, શ્રી ગોસાઈ તથા કાર્યાલય મંત્રી સોલંકી ભાઈ સહિતના અધિકારીઓ અને આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત થતા બંને કર્મચારીઓને ફુલહાર પહેરાવી અને સાલ ઓઢાડીને તેમનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તેમના સુખમય નિવૃત્ત જીવનની મંગલ કામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# સંયુક્ત પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.એન. પટેલ વયમર્યાદાથી નિવૃત્ત




ગુજરાત સરકારના સંયુક્ત પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.એન પટેલ વયમર્યાદાથી નિવૃત થતા તેઓને નિવૃતિની શુભેચ્છા ગુજરાત નગર પ્રાથમિક શિક્ષક સંઘના હોદેદારો મહેશ ભાઈ પટેલ અમરીશ ભાઈ પટેલ શ્રી રોહિત ભાઈ પટેલ અને સાથે શ્રી નૈલેશ ભાઈ દ્વારા પાઠવવામાં આવી.

## અનુસંધાન

### પ્રાણી ક્રૂરતા નિવારણ

(પાના નં. ૪ થી આગળ)

ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં, કલેક્ટરશ્રીએ જિલ્લામાં પ્રાણી ક્રૂરતા સંદર્ભે મળતી ફરિયાદો પર વહીવટીતંત્રને ત્વરિત અને અત્યંત કડક પગલાં લેવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા સહિત સમિતિના અન્ય સરકારી અને બિનસરકારી સભ્યો, પશુપાલન વિભાગના અધિકારીઓ તેમજ પ્રાણી કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના જરૂરી સૂચનો રજૂ કર્યા હતા.

### સમિતિઓ રચાશે

(પાના નં. ૪ થી આગળ)

ઉચ્ચ નેતાઓ અને સંગઠનના આગેવાનોનો સંપર્ક સાધીને ધમધોકાર લોબિંગ શરૂ કરી દીધું છે. પદ મેળવવા માટે ચૂંટાયેલા નેતાઓ પોતાના ક્ષેત્ર (વિસ્તાર) અને જ્ઞાતિ આધારિત સમીકરણોને આગળ ધરીને દાવેદારી નોંધાવી રહ્યા છે.આ સામાન્ય સભામાં પ્રમુખ, ઉપપ્રમુખ ની વરણી કરાયેલી કાર્યવાહીને બહાલી આપશે.

### વિશેષ ઓડિટ

(પાના નં. ૪ થી આગળ)

પ્રતિનિધિઓએ નિયત તારીખો દરમિયાન કચેરી સમયગાળામાં પોતાના જરૂરી તમામ દફતરો અને ઓડિટ પત્રકો સાથે ફરજિયાતપણે ઉપસ્થિત રહી ઓડિટની કામગીરી પૂર્ણ કરાવી લેવા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જામનગર દ્વારા જણાવાયું છે.

### મદીરાના જથ્થા સાથે

(પાના નં. ૪ થી આગળ)

મહીપાલસિહ મયુરસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઈ કાંતીલાલ ઠાકરીયા, સુનિલભાઇ અરજણભાઇ ડેર, યોગેન્દ્રસિંહ નીરૂભા સોઢા, વીપુલભાઇ જગદીશભાઇ સોનગરા, મહેશભાઇ ધુડાભાઇ મોરી, વિજયભાઇ બળદેવભાઈ કાનાણી, પ્રદીપસિહ ટેમુભા જાડેજા, મહેન્દ્રસિંહ ચુડાસમા, હરપાલસિહ ભરતસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ ઘનશ્યામસિહ ડોડીયા, રૂષિરાજસિંહ લાલુભા જાડેજા તથા દીવ્યરાજસિહ નવલસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

### આંગણવાડી-બાળવાટીકા

(પાના નં. ૩ થી આગળ)

કાર્યક્રમ અંતર્ગત પ્રવેશપાત્ર બાળકો જેમાં આંગણવાડીના ૨, બાલવાટિકાના ૧૧, અને ધો.૧ના ૧૧ એમ કુલ ૨૪ બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવો દ્વારા શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે. કે શાળા પ્રવેશોત્સવનો મુખ્ય ઉદ્દેશ ૧૦૦% નામાંકન, અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા દરેક બાળકને શિક્ષણની મુખ્ય ધારામાં જોડવાનો છે. કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારીઓ, શાળાના આચાર્યશ્રી, બીઆરસી કોર્ડિનેટર, શિક્ષકગણ, ગ્રામ પંચાયતના હોદ્દેદારો, વાલીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પયગંબર મુહમ્મદ

(પાના નં. ૧ થી આગળ)

ધાર્મિક સૌહાર્દ બગાડવાનો પ્રયાસ ન કરે. આ આવેદનપત્ર આપતી વખતે જામનગર સિક્કા શહેર પ્રમુખ હુસૈન ભાઈ નોંધાણી, સિક્કાના કોર્પોરેટર અખ્તર હાજી, ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી નવાબ સુમરા, સિક્કા શહેર ઉપ પ્રમુખ તોસિફ ભાઈ સુમરા, હસન અલી ગોરી, મજલિસ ખાદીમ, હાજી ભાઈ મેમણ, અલ્તાફ જુસબ સુભનિયા, નવાઝ ગફાર પાલાણી અને અફઝલ સલીમ મેપાણી સહિત જામનગર તથા સિક્કાના અનેક અગ્રણીઓ અને મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### રીક્ષા ચાલકો માટે

(પાના નં. ૧ થી આગળ)

ઓળખ નંબર ફાળવવામાં આવશે. આ વિશિષ્ટ ઓળખ નંબર મેળવવા માટે સંબંધિત વિસ્તારના રીક્ષા માલિકો અને ચાલકોએ પોતાની રીક્ષાના દસ્તાવેજો, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સ તેમજ કાયમી કે હંગામી રીક્ષા સ્ટેન્ડની વિગતો સાથે પોતાના નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાનો રહેશે. આ માટે પોલીસ વિભાગ દ્વારા વિવિધ ડિવિઝન વાઈઝ હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ સ્તરના અધિકારીઓની નિમણૂક કરીને તેમના મોબાઈલ નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે, જેથી રીક્ષા ચાલકો સરળતાથી તેમનો સંપર્ક કરી શકે. જામનગર શહેર પોલીસ દ્વારા તમામ રીક્ષા ચાલકોને આ પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા અનુરોધ કરાયો છે, જેથી કટોકટી કે જરૂરિયાતના સમયે પોલીસ અને રીક્ષા ચાલકો વચ્ચે ઝડપી અને અસરકારક સંકલન જાળવી શકાય.

### અમેરિકાના રાજદૂત

(પાના નં. ૧ થી આગળ)

સંરક્ષણ અધિકારીઓ વચ્ચે નિયમિત મુલાકાતો થતી રહે છે. ૧૯૪૭માં બનેલી યુએસ પેસિફિક કમાન્ડનું નામ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન બદલીને 'ઇન્ડો-પેસિફિક કમાન્ડ' કરાયું હતું, જેને આ મહિનાની શરૂઆતમાં ફરી જૂનું નામ આપવામાં આવ્યું છે. રાજદૂતે કહ્યું કે નામ ભલે બદલાયું હોય, પરંતુ અમેરિકા ત્યાં હાજર છે અને આગામી ૨ અઠવાડિયામાં ભારતીય નૌસેનાનું એક પ્રતિનિધિમંડળ પણ અમેરિકાની મુલાકાતે જવાનું છે. રાજદૂત ગોરે સોશિયલ મીડિયા પર ભારત-યુએસ સંબંધો નબળા પડ્યા હોવાની અટકળો લગાવતા નિષ્ણાતોની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું, ''જે નિષ્ણાતો ઓનલાઈન બેસીને ટ્વીટ કરે છે કે આ સંબંધો મુશ્કેલીમાં છે, તેમણે વાસ્તવિકતા જોવી જોઈએ. વેપાર, સંરક્ષણ કે લોકો વચ્ચેના પરસ્પર સંબંધો હોય, દરેક મોરચે આ સંબંધો અત્યંત મજબૂત સ્થિતિમાં છે.'' તેમણે ઉમેર્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ભારત સાથેના સંબંધોને ખૂબ મહત્વ આપે છે અને વેપાર, ટેકનોલોજી, સંરક્ષણ તથા રોકાણ ક્ષેત્રે સહયોગ વધારવા માટે કટિબદ્ધ છે.

### મોંઘવારી ભથ્થા

(પાના નં. ૧ થી આગળ)

આપવા માટે આપવામાં આવતું વધારાનું ભથ્થું. સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ તેમજ પેન્શનધારકોને આ લાભ આપવામાં આવે છે. સામાન્ય રીતે દર છ મહિનાએ મોંઘવારીના દરને આધારે ઉઅમાં ફેરફાર કરવામાં આવે છે. કર્મચારીના મૂળ પગારના આધારે તેની ગણતરી થાય છે અને વિવિધ વિસ્તારોના આધારે તેમાં તફાવત પણ હોઈ શકે છે.

એસટી કર્મચારીઓ લાંબા સમયથી DAમાં વધારાની માંગ કરી રહ્યા હતા. હવે સરકારે આ માંગ સ્વીકારી ૩ ટકાનો વધારો મંજૂર કરતા કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### મેઘરાજાની ધમાકેદાર

(પાના નં. ૧ થી આગળ)

વિસ્તારમાં ૧૦ હજારથી વધુ લોકોનો વસવાટ હોવાથી સવારના સમયે નોકરી પર જતાં શ્રમિકો અને સ્કૂલે જતાં બાળકો પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે, જેથી સ્થાનિકોમાં પાલિકાની ઘોર બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

છેલ્લા ૨૪ કલાકના આંકડા પર નજર કરીએ તો, સુરત શહેર બાદ તાપીના વાલોડમાં બે ઈંચ, જ્યારે સુરતના માંગરોળ અને કામરેજમાં પોણા બે ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પલસાણામાં દોઢ ઈંચ અને અરેઠમાં સવા ઈંચ વરસાદ પડ્યો છે. વલસાડ જિલ્લાના ઉમરગામ અને નાનાપોંઢામાં એક-એક ઈંચ, જ્યારે તાપીના કુકરમુડા, બોટાદના રાણપુર, નવસારીના ચીખલી અને વલસાડના પારડીમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે. કપરાડા અને વલસાડ શહેરમાં પણ અડધો ઈંચ વરસાદ પડ્યો છે.

ગુજરાતમાં ધીરે ધીરે ચોમાસાની રમઝટ જામશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. સોમવારે અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં હળવાથી સારો વરસાદ પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતના ૩૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સૌથી વધુ સુરત શહેરમાં અઢી ઈંચ વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાતા ગરમી અને બફારાથી લોકોને રાહત મળી છે. જોકે, આગામી ૨૪ કલાક બાદ એટલે કે, પહેલી જુલાઈથી ગુજરાતમાં વરસાદની તીવ્રતા વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

### સ્મોલ સેવિંગ સ્કીમ્સ

(પાના નં. ૧ થી આગળ)

યથાવત્ રખાયા છે. ૧ વર્ષની ફિક્સ્ડ ડિપોઝિટ પર ૬.૯ ટકા, ૨ વર્ષની એફડી પર ૭ ટકા, ૩ વર્ષની ટાઈમ ડિપોઝિટ પર ૭.૧ ટકા અને ૫ વર્ષની ટાઈમ ડિપોઝિટ પર ૭.૫ ટકા વ્યાજ મળે છે. ૫ વર્ષની પોસ્ટ ઓફિસ રિકરિંગ ડિપોઝિટ પર ૬.૭ ટકા વ્યાજ મળવાનું ચાલુ રહેશે.

### વીજપોલના વળતર

(પાના નં. ૧ થી આગળ)

કેબિનેટની મહત્વની બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. કેબિનેટ બેઠકમાં મોરબીના જેતપરના ખેડૂતોના વિરોધ પ્રદર્શનના મુદ્દા પર પણ વિશેષ મંથન થઈ શકે છે. સરકારનો મુખ્ય પ્રયાસ એવો છે કે ખેડૂતોના હિતોનું રક્ષણ થાય, તેમને યોગ્ય વળતર મળે અને સાથે-સાથે રાજ્યના વિકાસકાર્યો પણ સમયસર પૂર્ણ થઈ શકે તે માટે એક સંતુલિત નીતિ ઘડીને તેની માર્ગદર્શિકા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવે.

# જામનગરમાં સાત રસ્તા સર્કલ પાસે એસ.ટી. બસે રાહદારીને હડફેટે લેતાં ભારે હોબાળોઃ ચાલક સામે પોલીસ ફરિયાદ



**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વ્યસ્ત એવા સાત રસ્તા સર્કલ પાસે જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ (જાડા)ની બિલ્ડિંગ નજીક એસ.ટી. બસના ચાલકે ગોલાઈ મારતી વખતે ત્યાં ઊભેલા એક રાહદારીને અડફેટે લેતાં સહેજમાં મોટો અકસ્માત ટળ્યો હતો અને રાહદારીનો આબાદ બચાવ થયો હતો. બસ નજીક આવી જતાં ત્યાં હાજર સ્થાનિક લોકોએ જોરજોરથી બૂમો પાડીને રાહદારીનો જીવ બચાવ્યો હતો, જે બાદ ઘટનાસ્થળે એકઠા થયેલા રોષે ભરાયેલા ટોળાએ એસ.ટી. બસને રોકીને ડ્રાઈવરનો ઘેરાવ કર્યો હતો જેના કારણે વિસ્તારમાં થોડીવાર માટે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા; આ અકસ્માત અને ડ્રાઈવરની બેદરકારીથી નારાજ થયેલો રાહદારી તુરંત જ બસ ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે નજીકની પોલીસ ચોકીએ ફરિયાદ નોંધાવવા પહોંચી ગયો હતો... વધુ વિગતો મેળવાઈ રહી છે.

# જામનગરની જી.જી.હોસ્પિટલની કાર્યપ્રણાલી અને સુવિધાઓ મામલે વિગતો મેળવાઇ

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જામનગરની ખ્યાતનામ ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન હોસ્પિટલની આરોગ્ય વિષયક સુવિધાઓને વધુ સુદ્રઢ, આધુનિક અને લોકાભિમુખ બનાવવા અંગે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.વિજય પોપટ અને ડીન ડો.નંદીની દેસાઈ દ્વારા પ્રેસન્ટેશનના માધ્યમથી હોસ્પિટલની સમગ્રતયા કામગીરીનો ચિતાર રજૂ કરાયો હતો. જેમાં હોસ્પિટલનું મંજૂર મહેકમ, દૈનિક ઓ.પી.ડી., ઇન્ડોર દર્દીઓની સંખ્યા, પેરા મેડિકલ, નર્સિંગ તથા એડમીન સ્ટાફની વિગતો અને હોસ્પિટલની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સાથેની સંક્ષિપ્ત માહિતી પ્રસ્તુત કરવામાં આવી હતી. આ સાથે જ ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ અને વિવિધ વિભાગોની કાર્યપ્રણાલી વિશે પણ વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. મંત્રીશ્રીએ વિવિધ વિભાગના વડાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી વહીવટી અને માળખાકીય માંગણીઓને ખૂબ જ હકારાત્મક રીતે સાંભળીને તેને સત્વરે પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. બેઠકમાં તબીબો અને સ્ટાફને પ્રોત્સાહિત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ''ડોક્ટરો ઋષિતુલ્ય અને વંદનીય છે. તબીબી ક્ષેત્ર એ માનવતા અને શ્રેષ્ઠ કર્મ કરવાનું ઉત્તમ માધ્યમ છે. કોરોના સહિતની કોઈપણ આફત વેળાએ સરકારી હોસ્પિટલોએ મહત્વની ભૂમિકા ભજવી છે અને લોકોના વિશ્વાસ પર ખરી ઉતરી છે. ત્યારે હોસ્પિટલના પરિસરને શ્રેષ્ઠતમ અને દર્દી-સ્નેહી બનાવવા સૌ સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરે તે ઇચ્છનીય છે.આ સાથે જ તેમણે હોસ્પિટલમાં ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા જાળવવા અને એક મજબૂત 'ટીમ' બનીને સમાજના છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવા માટે ખાસ આહવાન કર્યું હતું. આ બેઠકમાં જામનગરના મેયર શ્રીમતી મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય શ્રી દિવ્યેશ અકબરી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ધીરેન મોનાણી, અગ્રણી શ્રી બીનાબેન કોઠારી, મેડિકલ કોલેજના ડિન ડો. નંદીની દેસાઈ તેમજ તબીબી અધિક્ષક ડો. વિજય પોપટ સહિત વિવિધ વિભાગોના વડાઓ તથા સિનિયર તબીબો ઉપસ્થિત રહ્યા હતા.


તસવીરઃ હિરેન ગાંધી

# ખેડૂતો મેઘરાજાના આગમનની રાહમાંઃ નર્મદાના નીર સૌની યોજના થકી આપવા કરાઇ માંગણી

## જૂન માસ પૂર્ણ થવા આવ્યો છતાં વરસાદ ખેંચાતા નદી-નાળાં અને ચેકડેમ સુકાયા, પશુઓનો ઘાસચારો ખૂટ્યોઃ ભીમ અગિયારસ પહેલાં આગોતરા વાવેતર કરેલા કપાસ-મગફળીના પાક બચાવવા ખેડૂતોની સરકાર સમક્ષ આજીજી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં પણ મેઘરાજા સમયસર ન પધારતા નદી, નાળાં અને ચેકડેમો સંપૂર્ણપણે સુકાઈ ભઠ્ઠ થઈ ગયા છે અને ખેડૂતોના પશુઓ માટેના ઘાસચારાની પણ તીવ્ર અછત સર્જાઈ છે. અનેક ખેડૂતો હજુ પણ વાવણીલાયક વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે; પરંતુ બીજી તરફ, જે ખેડૂતોએ વરસાદની આશાએ કપાસ અને મગફળી સહિતના પાકોનું આગોતરું વાવેતર કરી દીધું હતું, તેઓની હાલત અત્યંત કફોડી બની છે. પાણી વિના ખેતરોમાં ઊભો આગોતરો પાક હવે ચીમળાઈને સુકાઈ રહ્યો છે, જેના કારણે ખેડૂતોના માથે આર્થિક સંકટ તોળાઈ રહ્યું છે. વરસાદ ખેંચાવાની આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે મરવા પડેલા આગોતરા પાકોને બચાવવા અને પશુઓને જીવાડવા માટે ખેડૂતોને હવે નર્મદાના પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. રાજ્યના ખેડૂતો સરકાર સમક્ષ તાત્કાલિક ધોરણે નર્મદા કેનાલના દરવાજા ખોલીને તેમજ 'સૌની યોજના' હેઠળ સૂકી નદીઓ અને કેનાલોમાં નર્મદાના નીર વહેવડાવવા માટે ઉગ્ર માંગ કરી રહ્યા છે.

ખેડૂતોની આટલી વિકટ સ્થિતિ હોવા છતાં સરકાર જાણે 'પાણીમાં બેઠી હોય' તેવી નિષ્ક્રિયતા દાખવી રહી હોવાનો જગતના તાતમાં ભારે રોષ અને નિરાશા જોવા મળી રહી છે. જો સત્વરે સિંચાઈ માટે કેનાલો મારફતે પાણી પૂરું પાડવામાં નહીં આવે તો મોટું નુકસાન વેઠવાનો વારો આવશે, તેથી સરકાર તાત્કાલિક જાગે અને ખેડૂતોના હિતમાં નિર્ણય લે તેવી માંગ પ્રબળ બની છે.

# પુત્રની કુટેવોથી કંટાળેલી માતાની મદદે આવતી મહિલા હેલ્પલાઇન

**સમય સંદેશઃ જામનગર**

એક પીડિત મહિલાએ પોતાના પુત્ર દ્વારા કરવામાં આવતી સતત માનસિક હેરાનગતિ અને આર્થિક બેદરકારીથી કંટાળી ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરી મદદ માંગતા, અભયમ ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી જરૂરી કાઉન્સિલિંગ અને સુખદ સમાધાનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઘટનાની વિગત એવી છે કે, પીડિત મહિલાએ ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર ફોન કરીને આપવીતી જણાવી હતી કે, તેમનો પુત્ર સરકારી નોકરીમાં હોવા છતાં ઘરખર્ચમાં કોઈ આર્થિક સહયોગ આપતો નથી. આ ઉપરાંત, તે અવારનવાર વિવિધ વ્યક્તિઓ પાસેથી મોટી રકમની લોન તથા ઉધાર રૂપિયા લે છે. આ ઉધાર આપનારા લેણદારો વારંવાર ઘરે આવીને વૃદ્ધ માતાને ઉઘરાણી માટે હેરાન કરતા હતા તેમજ અપમાનજનક શબ્દો બોલીને માનસિક ત્રાસ આપતા હતા. માતાના જણાવ્યા મુજબ, પુત્રની આ કુટેવોના કારણે અગાઉ પણ તેમણે પોતાના તરફથી પુત્રના વ્યાજની મોટી રકમ ચૂકવવી પડી હતી.

પુત્રની આર્થિક બેદરકારી, બિનજવાબદાર વર્તન અને લેણદારોના સતત ત્રાસથી પરેશાન થઈને આખરે માતાએ પોતાના પુત્રને યોગ્ય માર્ગે લાવવા માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇનની મદદ માંગી હતી. માહિતી મળતાની સાથે જ ૧૮૧ અભયમ હેલ્પલાઇનની કાઉન્સિલર અને ટીમ તાત્કાલિક મહિલાના ઘરે પહોંચી હતી. ટીમે સૌપ્રથમ મહિલાનું કાઉન્સિલિંગ કરી તેમને જરૂરી માનસિક આધાર અને આશ્વાસન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ, મહિલાના પુત્ર સાથે વિસ્તૃત અને ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. તેને માતા પ્રત્યેની નૈતિક અને કાનૂની જવાબદારીઓ, પરિવાર પ્રત્યેની ફરજો તેમજ આડેધડ ઉધાર લેવાની કુટેવોના કારણે ભવિષ્યમાં આવનારા ગંભીર કાનૂની પરિણામો અંગે કડક શબ્દોમાં સમજાવવામાં આવેલ. અભયમ ટીમના સચોટ કાઉન્સિલિંગ દરમિયાન પુત્રને પોતાની ભૂલ સમજાઈ હતી અને તેણે લેખિત/મૌખિક ખાતરી આપી હતી કે, ભવિષ્યમાં તે કોઈપણ વ્યક્તિ પાસેથી આ રીતે આડેધડ ઉધાર કે લોન નહીં લે. તેમજ હવેથી નિયમિત રીતે ઘરખર્ચ માટે માતાને આર્થિક સહયોગ આપશે અને માતાને કોઈપણ પ્રકારની માનસિક કે આર્થિક હેરાનગતિ નહીં પહોંચાડે.

લાંબા સમયની આ માનસિક પીડામાંથી મુક્તિ મળતા અને દીકરો સાચા રસ્તે આવતા માતાએ ભીની આંખે ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા આવી જરૂરિયાતમંદ મહિલાઓને સમયસર કાઉન્સિલિંગ, માર્ગદર્શન અને જરૂરી કાનૂની-માનસિક સહાય પૂરી પાડીને પારિવારિક વિવાદોના શાંતિપૂર્ણ નિરાકરણ માટે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

# આંગણવાડી-બાળવાટીકામાં ૨૪ બાળકોને પ્રવેશ અપાવતા કલેક્ટર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ત્રણ દિવસ સુધી એટલે કે તા.૨૩-૨૪-૨૫ જુન દરમિયાન કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે ત્યારે જામનગર જિલ્લા કલેક્ટર શ્રી પી.બી. પંડ્યાના અધ્યક્ષ સ્થાને લાલપુર તાલુકાની વડ પાંચસરા તાલુકા શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કલેક્ટરશ્રીએ બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવી નિયમિત શાળાએ આવવા અને અભ્યાસ કરી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા પ્રેરક ઉદબોધન કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે,શિક્ષણ એ એક એવો દીવો છે જે અજ્ઞાનતાનો અંધકાર દૂર કરે છે. આપણે સૌએ સંકલ્પ લેવો જોઈએ કે એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે. સરકાર બેટી બચાવો, બેટી પઢાવો અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો થકી ૧૦૦% નામાંકન માટે કટિબદ્ધ છે વાલીઓને પણ બાળકોના શિક્ષણ પ્રત્યે સજાગ રહી બાળકોના ઘડતરમાં સહભાગી થવું જોઈએ.


તસવીરઃ હિરેન ગાંધી

અનુ પાના નં.૨ પર

# મોખાણામાં દીપડો પાંજરા નજીકથી કેમેરો તોડી નાસી છૂટ્યો

## વનવિભાગની પકડવાની યોજના નિષ્ફળ, ગ્રામજનોમાં ભય

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના નવી મોખાણા ગામની સીમમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાનો આતંક જોવા મળી રહ્યો છે. વનવિભાગે દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવ્યું હતું, પરંતુ દીપડો પાંજરા સુધી આવીને ટ્રેપ કેમેરો તોડી નાસી છૂટ્યો હતો. આ ઘટનાથી ગ્રામજનોમાં ભયનો માહોલ વધુ ઘેરો બન્યો છે.



એક સપ્તાહ પહેલાં નવી મોખાણા ગામની સીમમાં દીપડાના આંટાફેરા અંગે ગ્રામજનોએ ફરિયાદ કરી હતી. વનવિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરતા દીપડાના પગલાંના નિશાન મળી આવ્યા હતા, જેનાથી દીપડાની હાજરીની સત્તાવાર પુષ્ટિ થઈ હતી. શરૂઆતમાં બે દિવસ સુધી દિવસ-રાત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું, પરંતુ કોઈ સગડ ન મળતા વનવિભાગે દીપડો અન્યત્ર ચાલ્યો ગયો હોવાનું અનુમાન લગાવ્યું હતું. જોકે, રવિવારે ગ્રામજનોએ ફરીથી દીપડાનો અવાજ સાંભળ્યો હોવાની ફરિયાદ કરતા વનવિભાગ ફરી સક્રિય બન્યું હતું.

દીપડાને પકડવા માટે વનવિભાગ દ્વારા સીમમાં એક ખાસ પાંજરું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં મારણ પણ મૂકવામાં આવ્યું હતું. દીપડાની ગતિવિધિ પર નજર રાખવા માટે પાંજરા પાસે એક ટ્રેપ કેમેરો પણ લગાવવામાં આવ્યો હતો. સોમવારે રાત્રે દીપડો પાંજરાની બિલકુલ નજીક સુધી પહોંચી ગયો હતો. પરંતુ, મારણ હોવા છતાં તે પાંજરાની અંદર ન ગયો. દીપડાએ ત્યાં ગોઠવેલો ટ્રેપ કેમેરો તોડી નાખ્યો અને ત્યાંથી નાસી છૂટ્યો. જોકે, ભાગતા પહેલાં તેની આ સમગ્ર હિલચાલ કેમેરામાં કેદ થઈ ગઈ હતી. દીપડો હજુ પણ ગામની સીમમાં સક્રિય હોવાનું સાબિત થતાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. વનવિભાગની ટીમ હવે વધુ સતર્ક બની છે અને દીપડાને વહેલી તકે પાંજરે પૂરવા માટે નવી વ્યૂહરચના સાથે પ્રયાસો કરી રહી છે.

# મહાપાલિકાના કર્મચારીઓની ઇન્ડોર અને આઉટ ડોર માટે ઓનલાઇન હાજરી શરૂ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતમાં ૨૦૨૨થી કચેરીમાં ફેસ ડિટેક્શન સાથે હાજરીની પ્રથા અમલમાં છે. જેમાં આવવા વખતેની હાજરી ચાલુ છે. જવા વખતેની ફોટો સિસ્ટમ બંધ છે. તે સામે પ્રમાણમાં વધુ આધુનિક ગણાતા મ્યુ. કોર્પોરેશનમાં હજી ચોપડામાં હાજરીની પથા છે.

જે દુર કરીને નવા મ્યુ. કમિશનરની સુચનાથી ઈન ડોર અને આઉટ ડોર કર્મચારીઓ માટે ઓનલાઈન હાજરી વીથ સેલ્ફી હાજરી પ્રથા લાગુ કરવામાં આવતાં ગુટલીબાજો પર સકંજો કસાશે. ઉપરાંત કમિશનરએ અધિકારીઓને સાથે રાખીને ૧૬ વોર્ડની મુલાકાત યોજીને શહેરની ગ્રાઉન્ડ રિયાલીટી જાણી છે. હવે શહેરની રખડતા ઢોર, ભુગર્ભ ગટર, ખરાબ રસ્તા સહિતની સમસ્યા દુર થવા કે ઘટવાની આશા છે.

બે માસ પહેલા મ્યુનિસીપલ કમિશનર તરીકે ચાર્જ સંભાળનારા યુવા આઈએએસ દીપેશ કેડિઆની સુચનાથી કોર્પોરેશનના કર્મચારીઓ માટે ઓફ ઓફીસર્સ ૩૧૧ નામની મોબાઈલ એપ્લિકેશન દરેકને ડાઉનલોડ કરવા સુચના અપાયા પછી આજની તારીખે કુલ ૩ હજાર કર્મચારીઓ પૈકી ૧ હજાર કર્મચારીઓ કચેરી અથવા ફિલ્ડમાં કામના સ્થળેથી સેલ્ફી વીથ લોકેશન ધોરણે હાજરી પુરાવતા થઈ ગયા છે. કોર્પોરેશનના ગુટલીબાજોની સ્થિતિ આ નવી પધ્ધત્તિના કારણે બગડી છે. તો સામે તંત્રની વહિવટી સ્થિતિ સુધરે તેવી આશા છે.

હજી આ સિસ્ટમ અપગ્રેડ થયા પછી તેમાં સફાઈ કામદારોથી લઈને તમામ અધિકારીઓને આવરી લેવામાં આવશે.ઉલ્લેખનિય એ છે કે, આ અગાઉ કોર્પોરશનમાં ફેસ એન્ડ થમ્બ ડીટેક્શનવાળી હાજરી સિસ્ટમ શરુ કરાઈ હતી. પરંતુ તે બંધ થયા બાદ હાજરીની સિસ્ટમ જ મેન્યુઅલ કરી દેવામાં આવી હતી.

# જામનગરમાં સ્કુટરમાં બિયર લઇને નિકળેલ ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સ્કૂટરની ડેકીમાંથી બિયરનો જથ્થો સંતાડીને હેરાફેરી કરી રહેલો એક શખ્સ પોલીસ ઝપટે ચડ્યો હતો. પોલીસે સ્કૂટર અને બિયરનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જામનગર શહેરના સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડે હરીયા સ્કૂલ પાસે જાહેર રોડ પર દરોડો પાડ્યો હતો. પોલીસે આકાશ મધુભાઈ મેથાણીયા (ઉ.વ. ૧૮ રહે. ગોકુલનગર, શેરી નં. ૮/૪, જામનગર) જ્યુપિટર સ્કૂટર સાથે ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન સ્કૂટરની ડેકીમાંથી કિંગફિશર બિયરના ૨૪ ટીન મળી આવ્યા હતા. આથી બિયરનો જથ્થો અને સ્કૂટર સહિત કુલ રૂપિયા ૩૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોટી ખાવડી નજીક બે કારચાલકો વચ્ચે બબાલઃ સામસામી ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રહેવાસી અને ડ્રાઈવિંગ વ્યવસાય સાથે સંકળાયેલા નીરજભાઈ પ્રવીણભાઈ ભુવાએ આરોપ મૂક્યો છે કે ફોર્ચ્યુનર કાર (જીજે-૧૮-ઈબી-૪૪૬૩)ના ચાલક તથા તેની સાથે રહેલા બે અજાણ્યા શખ્સોએ ટ્રાફિક દરમિયાન બેફામ રીતે વાહન ચલાવી તેમની સ્કોર્પિયો કાર આગળ ઘુસાડવાનો પ્રયાસ કર્યો હતો. રસ્તામાં અવરોધ સર્જાતાં વિવાદ ઉગ્ર બન્યો હતો.

ફરિયાદ અનુસાર આરોપીઓએ સ્કોર્પિયોના બોનેટ, કાચ અને સાઇડ મિરર પર માર મારી નુકસાન પહોંચાડ્યું હતું, તેમજ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મેઘપર (પડાણા) પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

બીજી તરફ ગાંધીનગર જિલ્લાના મહુન્દ્રા ગામના જતીનકુમાર દશરથભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ દ્વારકા દર્શન માટે જતા હતા ત્યારે સ્કોર્પિયો કારના ચાલકે તેમની ફોર્ચ્યુનર કારને જોખમી રીતે ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. વાહનો વચ્ચે અથડામણ થતાં નુકસાન થયું હતું. ફરિયાદ મુજબ સ્કોર્પિયો ચાલકે ગાળાગાળી કરી હતી અને કારનો કાચ ચડાવી દેતાં તેમની આંગળીઓ ફસાઈ ગઈ હતી. ત્યારબાદ થયેલી બોલાચાલી દરમિયાન ધમકી પણ આપવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

મેઘપર (પડાણા) પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ મોટર વાહન અધિનિયમ હેઠળ અલગ-અલગ ગુનાઓ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં સીડી પરથી પડી જતાં વૃદ્ધનું મૃત્યુ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય આધેડ પોતાના ઘરે સીડી ઉતરતી વેળાએ એકાએક પટકાઈ પડતા ગંભીર ઇજા પહોંચી હતી. જેનું સારવારમાં મોત થતા પરિવારમાં અરેરાટી વ્યાપી થઈ છે.

આ મામલે સીટી એ ડિવિઝન પોલીસે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં આવેલા મહાદેવના મંદીર વાળી શેરીમાં રાવલફળીમા રહેતા ધીરેનભાઇ પ્રવીણચંદ્ર રાવલ (ઉ.વ.૫૪) ગત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ દરમિયાન ઘરમાં ઉપરના માળેથી સીડી ઉતરતા હતા ત્યારે કોઈ કારણસર સીડીએથી પગ લપસી જતા અકસ્માતે નીચે પડી ગયા હતા. જેને લઈને ધીરેનભાઇને કપાળના ભાગે ગંભીર ઇજા થતા ૧૦૮ મારફતે સારવાર અર્થે જામનગર જી.જી.હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન ધીરેનભાઈનું મોત થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. બનાવને પગલે હસમુખભાઈ પ્રવીણચંદ્ર રાવલે સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે.

# ખંભાળિયામાં મૂર્છિત અવસ્થામાં હૃદયરોગના હુમલાના કારણે પરપ્રાંતિય યુવાનનું મૃત્યુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નજીકની એક ખાનગી કંપની વિસ્તારમાં કામ કરતા અને જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મીઠોઈ ગામના રહીશ ચંદનકુમાર યોગેન્દ્રકુમાર ઠાકુર નામના ૨૬ વર્ષના યુવાન કોઈ કારણોસર ચક્કર આવી જતા બેભાન બની ગયા હતા અને તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હૃદયરોગનો હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૂળ બિહાર રાજ્યના રહીશ અને હાલ મીઠોઈ ગામના મુકેશકુમાર રામચંદ્ર શાહગુમાએ અહીંની પોલીસને કરી છે.

# જામનગરમાં પંચેશ્વર ટાવર પાસે બેકાબુ કારે અનેક વાહનોને લીધા હડફેટે


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરઃ શહેરના પંચેશ્વર ટાવર નજીક એક ક્રેટા કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. બેકાબૂ બનેલી કાર રસ્તા પર પાર્ક કરાયેલા ૪ થી ૫ ટુ-વ્હીલર તેમજ એક રિક્ષાને અડફેટે લેતા તમામ વાહનોને નુકસાન પહોંચ્યું હતું.

અકસ્માત સર્જાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઘટનાસ્થળે લોકોના ટોળા એકત્ર થયા હતા. જોકે સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નહોતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને જરૂરી માહિતી એકત્ર કરી વધુ તપાસ હાથ ધરી હતી. અકસ્માતને પગલે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ વાહનોને થયેલા નુકસાન અંગે ચર્ચા બાદ મામલો શાંત પડ્યો હતો. અને લોકોના ટોળા વિખેરાયા હતા.

# બાબા બરફાનીના દર્શન માટે જામનગરથી અમરનાથ યાત્રીઓની પ્રથમ ટુકડી રવાના


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ આગામી ૩ તારીખ થી થઈ રહ્યો છે, ત્યારે જામનગરમાંથી પણ બાબા બરફાનીના દર્શન માટે આશરે ૪૦થી ૫૦ જેટલા શ્રદ્ધાળુઓનો પ્રથમ જથ્થો ટ્રેન મારફતે જમ્મુ તરફ રવાના થયો હતો.

વહેલી સવારે જામનગરના ગાંધીનગર રેલવે સ્ટેશન પર શિવભક્તોને તેમના પરિવારજનો, મિત્રો, સ્નેહીઓ તેમજ અન્ય નગરજનોએ ફૂલહાર પહેરાવી અને હર હર મહાદેવના ગગનભેદી જયઘોષ વચ્ચે ભાવભીની વિદાય આપી હતી. જામનગર સ્થિત પંજાબ નેશનલ બેંક ખાતે છેલ્લા એક માસથી અમરનાથ યાત્રા માટે નોંધણીની પ્રક્રિયા ચાલી રહી હતી. નોંધણી પૂર્ણ કરાવનાર યાત્રાળુઓ હવે અલગ-અલગ તબક્કામાં પોતાના પ્રવાસે રવાના થઈ રહ્યા છે.

કેટલાક યાત્રાળુઓએ જામનગરથી જ ટ્રેનમાં આરક્ષણ કરાવ્યું છે, જ્યારે કેટલાકે અમદાવાદથી ટ્રેન મારફતે જવાનું આયોજન કર્યું છે. ઉપરાંત કેટલાક શ્રદ્ધાળુઓએ હવાઈ માર્ગે જમ્મુ પહોંચવાનો વિકલ્પ પણ પસંદ કર્યો છે. મંગળવાર અને બુધવાર દરમિયાન જમ્મુ-કટરા તરફ જતી ટ્રેનોમાં યાત્રાળુઓ રવાના થઈ રહ્યા હોવાથી બે દિવસ દરમિયાન જામનગરમાંથી પણ વધુ જથ્થાઓ અમરનાથ યાત્રા માટે પ્રસ્થાન કરશે.

# જામનગર ફાયર બિગ્રેડ વિભાગે શહેરમાં વધુ બે ટ્યુશન કલાસ બંધ કરાવ્યા

## દિપક શોપીંગ સેન્ટરમાં ચાલતા ઓમ અને મોરલ ટ્યુશન ક્લાસને સીલ કરાયું જ્યારે રણજીતનગરમાં ચાલતા કે.ડી.એકેડેમીને અપાઈ નોટીસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા સોમવારે સલામતી અંગેની ચકાસણીની ફરીથી ટ્યુશન ક્લાસમાં ફાયર ઝુંબેશ શરૂ કરી હતી. જેમાં ફાયર વિભાગની ટીમે સૌપ્રથમ શહેરના જુના દીપક સિનેમા પાસે દીપક શોપિંગ સેન્ટરના ત્રીજા માળે જુદા જુદા બે કલાસીસમાં તો ચકાસણી હાથ ધરી હતી.

જેમાં અહીં ચાલી રહેલા 'ઓમ ટ્યુશન ક્લાસ' અને 'મોરલ ટ્યુશન ક્લાસ'માં તપાસ કરતા માલૂમ પડયું હતું કે, અહીં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા જ નહોતી કે નહોતું બુધવારે ર ટ્યુશન કલાસ સીલ કરાયા હતા. તેમની પાસે કોઈ માન્ય ફાયર એનઓસી. ચેકિંગ દરમિયાન ક્લાસ અધિકારીઓએ ચાલુ હોવાથી વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે સૌપ્રથમ બહાર કાઢ્યા હતા અને ત્યારબાદ બંને ક્લાસને સીલ મારી સંચાલકોને કડક નોટિસ ફટકારી હતી.

શહેરના દીપક શોપિંગ સેન્ટર બાદ ફાયરની ટીમે રણજિતનગર



તસવીરઃ હિરેન ગાંધી

વિસ્તારમાં પટેલ સમાજ પાસે ફાયર ચેકીંગ ટીમે 'કે.ડી. એકેડમી'માં તપાસ હાથ ધરી હતી. અહીં બીજા માળે ક્લાસ પ્રાથમિક તપાસમાં જ અહીં પણ ફાયર સેફ્ટીના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા.

કોઈ સુવિધા કે ખાલી કરાવીને તેને પણ સીલ ગઘઈ ન હોવાથી તુરંત જ ક્લાસ ખાલી કરીને સીલ કરવામાં આવ્યો હતો.રણજીત નગર વિસ્તારમાં જ આવેલા એક ટ્યુશન ક્લાસમાં તપાસણી દરમિયાન ફાયર એનઓસી પ્રણાલી વગેરેની પુનઃ ચકાસણી મેળવેલી હતી, પરંતુ ફાયર કરી લેવા અને ફાયરના સાધનો બરાબર કામ કરે છે કે નહીં, તે સંદર્ભમાં ટ્યુશન ક્લાસના આવી હતી. સંચાલકને નોટિસ પાઠવી હતી.

વિધાર્થીઓની સલામતીને પ્રાથમિકતા સાથે ગત બુધવારે ફાયર શાખાની ટીમ દ્વારા આકસ્મિક ચેકીંગ દરમિયાન ગુરુધારા વિસ્તાર અને લીમડા લાઇન વિસ્તારમાં આવેલા જુદા જુદા બે કોંચીંગ કલાસ ફાયર એનઓસી વગર ચાલતા હોવાનુ જણાઈ આવતા બંનેને સીલ કર્યા હતા.

# જિલ્લા કલેક્ટર ના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લામાં પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીની કારોબારી બેઠક

## ગુજરાત હાઈકોર્ટના આદેશાનુસાર જામનગર જિલ્લામાં 'ગ્લૂ ટ્રેપ' ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રી પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ની વર્ષ ૨૦૨૬-૨૭ ની પ્રથમ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લામાં અબોલ જીવો પ્રત્યે થતી ક્રૂરતા અટકાવવા અને વન્યજીવ તેમજ પ્રાણી કલ્યાણ પ્રવૃત્તિઓને વેગ આપવા અંગે મહત્વના નિર્ણયો





તસવીરઃ હિરેન ગાંધી

લેવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન ગુજરાત હાઈકોર્ટના નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરવા અંગે ભાર મૂકતા અધ્યક્ષ અને કલેકટર શ્રી પી.બી.પંડ્યાએ જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં ઉંદર અને અન્ય જીવજંતુઓને પકડવા માટે વપરાતી જીવલેણ 'ગ્લૂ ટ્રેપ' ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ તેમજ ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ પ્રકારની કડક જોગવાઈઓનું

અનુ પાના નં.૨ પર

# રખડતા ખૂંટીયાઓને પકડીને પૂરી તો દીધા, પણ ઘાસચારા-સારવારનો અભાવ

## દડિયામાં ઢોર ડબ્બો કે ડેથ ઝોન? એક જ દિવસમાં ૧૨ ગૌવંશના ટપોટપ મોત, મનપાની ઘોર બેદરકારી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓની ગંભીર લાપરવાહી ફરી એકવાર સામે આવી છે. શહેરમાંથી રખડતા પશુઓને પકડીને નાગરિકોને રાહત આપવાના મોટા-મોટા દાવા કરતું તંત્ર મૂગા પશુઓ માટે યમદૂત સાબિત થઈ રહ્યું છે. મનપા હસ્તકના દડીયા ગામ પાસે આવેલા ઢોર ડબ્બામાંથી એક અત્યંત કમકમાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં માત્ર એક જ દિવસમાં ૧૨ જેટલા ગૌવંશ (ખૂંટીયા) ના ટપોટપ કરૂણ મોત નિપજ્યા છે. આ સામૂહિક મોતના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. મનપાની ટીમ દ્વારા શહેરમાંથી દૈનિક આશરે ૨૦ જેટલા પશુઓને પકડીને ટ્રેક્ટર મારફતે દડીયા અને બેડીના ઢોર ડબ્બામાં પૂરવામાં આવે છે, જ્યાં હાલ એકાદ હજાર જેટલા પશુઓ કેદ છે. આટલી મોટી સંખ્યામાં ગૌધનના મોત થયા હોવા છતાં જવાબદાર અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. સ્થાનિક લોકો અને જીવદયાપ્રેમીઓ આક્ષેપ કરી રહ્યા છે કે, દડીયાનો આ ઢોર ડબ્બો હવે પશુઓનું આશ્રય સ્થાન નહીં પરંતુ કતલખાનું બની ગયો છે, જ્યાં પશુઓને પકડીને માત્ર ખાડામાં નાખી દેવા જેવી બદતર સ્થિતિ સર્જાઈ છે. પશુ ડોક્ટરોની ટીમ તૈનાત હોવા છતાં તંત્ર મૂંગા જીવોની સુરક્ષા અને સ્વાસ્થ્યની જવાબદારી લેવામાં તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. પશુઓના આ મોતના પ્રાથમિક કારણોમાં શહેરમાં રખડતા પશુઓ દ્વારા રસ્તા પરથી ખાવામાં આવતો એંઠવાડ અને પ્લાસ્ટિકની કોથળીઓ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. જ્યારે મનપા પશુઓને પકડીને ઢોર ડબ્બામાં લાવે છે, ત્યારે તેમના પેટમાં પહેલેથી જ મોટી માત્રામાં પ્લાસ્ટિક જમા થયેલું હોય છે, જેના કારણે તેઓ અંદરથી અત્યંત બીમાર પડી જાય છે. આ ગંભીર સ્થિતિમાં પશુઓને ગ્લુકોઝના બાટલા ચઢાવવા કે એન્ટીબાયોટીક ઈન્જેક્શનો આપવા છતાં પેટમાં રહેલા ઝેરી પ્લાસ્ટિકના કારણે કોઈ પણ તબીબી સારવાર કારગત નીવડતી નથી અને આખરે આ મૂંગા પશુઓ તડપી-તડપીને દમ તોડી દે છે.

# ભાણવડની ૧૧.૧૪ લાખની ઘરફોડ ચોરીમાં ત્રણ આરોપીઓ ઝડપાયા

## રાજકોટ સહિતની ત્રિપુટી પાસેથી મુદ્દામાલ જપ્તઃ સગર પરિવાર બહારગામ ગયાનું જાણી હાથ માર્યો'તો

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડથી આશરે ૮ કિલોમીટર દૂર જામ રોજીવાડા ગામની સીમમાં રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા ગંગદાસભાઈ માલદેભાઈ સોલંકી નામના ૪૬ વર્ષના સગર યુવાન દંપતી તેમજ તેમના પરિવારના અન્ય સભ્યોએ અગાઉ નક્કી



કર્યા મુજબ શનિવાર તા. ૨૭ મીના રોજ સવારના આશરે ૭ વાગ્યાના સમયે દ્વારકાધીશ મંદિર ખાતે દર્શન કરવા નીકળ્યા હતા.

આ પછી તેઓ શનિવારે મોડી સાંજના સમયે પરત ફર્યા, ત્યારે તેમના ઘરના ઓસરી તથા રૂમમાં મારેલા તાળા તૂટેલા જોવા મળ્યા હતા અને ઘરનો સામાન વેર વિખેર હોવાથી આ સ્થળે તસ્કરોએ ચોરી કરી હોવાનું ખુલવા પામ્યું હતું. આ ઘરફોડ ચોરીમાં તસ્કરો કબાટમાંથી સોના, ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧૧ લાખ ૧૪ હજારનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયાની ફરિયાદ ભાણવડ પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી.

આ સમગ્ર પ્રકરણને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ અહીંના ડીવાયએસપી મીત રુદલાલના વડપણ હેઠળ ભાણવડના પી.આઈ. વી.કે. કોઠીયા તેમજ તેમની ટીમ દ્વારા તાકીદની કાર્યવાહી કરી અને તસ્કરો અને ઝડપી લેવા માટે ખાસ ટીમ મારફતે તપાસ આરંભી હતી. તપાસના અંતે આ પ્રકરણમાં સંડોવાયેલા આરોપી એવા જામ રોજીવાડા ગામના રહીશ મિલન કરશનભાઈ સોલંકી (ઉ.વ. ૨૭), ભાવેશ કરસનભાઈ સોલંકી (ઉ.વ. ૨૨, રહે. હાલ રાજકોટ) અને રવિ ડાયાભાઈ સોલંકી (ઉ.વ. ૨૧) નામના ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે ચોરીનો રૂ. ૧૧ લાખ ૧૪ હજારનો તમામ મુદ્દામાલ તેમજ રૂ. ૪૫,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૧,૫૯,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી, આગળની કાર્યવાહી કરી હતી. આરોપીઓએ એક સંપ કરી અને ફરિયાદી સગર પરિવારજનો બહારગામ ગયા હોવાથી પાછળથી હાથ ફેરો કર્યો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. આ સમગ્ર કાર્યવાહી ભાણવડના પી.આઈ. વી.કે. કોઠીયા તેમજ સ્ટાફના નારણભાઈ બેલા, જીતુભાઈ જામ, કિશોરસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા, લાલાભાઇ ખાટલીયા, દિવ્યરાજસિંહ જાડેજા, દુદાભાઈ સુવા, મયુરસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ રાણા, મહીદિપસિંહ જાડેજા, જયદેવસિંહ જાડેજા અને પુંજાભાઈ વારોતરીયાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર ખેડૂત ઉપર અત્યાચારના વિરોધમાં આવેદન આપવા જતા કોંગ્રેસીઓની અટકાયત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા ગઈકાલે વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ''ખેડૂતો પર અત્યાચાર બંધ કરો'' સહિતના બેનરો અને સૂત્રોચ્ચારો સાથે કોંગ્રેસના મહિલાઓ સહિતના આગેવાનો અને કાર્યકરો કલેક્ટર કચેરી સુધી પહોંચી આવેદનપત્ર આપવા નીકળ્યા હતા.

ખેતરમાં વિજ પોલ ના મુદ્દે જય જવાન જય કિસાન ના સૂત્રોચ્ચાર સાથે ની રેલી આગળ વધતી હતી ત્યારે પોલીસે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રેલીને નિર્ધારિત સ્થળે રોકી હતી. પોલીસ દ્વારા રોકટોક કરવામાં આવતા કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો રસ્તા પર જ બેસી ગયા હતા. સરકાર



તસવીરઃ હિરેન ગાંધી

વિરોધી સૂત્રોચ્ચારો સાથે ધરણાં શરૂ કર્યા હતા. સ્થળ પર થોડા સમય માટે તંગદિલીભર્યો માહોલ સર્જાયો હતો. કોંગ્રેસના આગેવાનોએ ખેડૂતોના પ્રશ્નોને લઈને રાજ્ય સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ખેડૂતોને ન્યાય આપવા માંગણી કરી હતી. પોલીસે સ્થિતિ વધુ ઉગ્ર ન બને તે માટે કાર્યવાહી હાથ ધરી કોંગ્રેસના કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. અટકાયત દરમિયાન કાર્યકરો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા જામનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરીયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઇકબાલ સુમરા સહિતના ૧૫ થી વધુ આગેવાનોની અટકાયત કરી હતી સમગ્ર ઘટનાને પગલે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ૭મી જુલાઈએ જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સમિતિઓ રચાશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની ચૂંટણી પૂર્ણ થયાના એક મહિના બાદ હવે વહીવટી પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. આગામી સાતમી તારીખના રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જિલ્લા પંચાયતની તમામ અગત્યની સમિતિઓની વિધિવત રચના કરવામાં આવશે.

સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, જામનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પહેલેથી જ થઈ ચૂકી છે, પરંતુ વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની વરણી હજુ સુધી બાકી હતી. વહીવટી કામગીરીને સુચા રૂપ આપવા માટે આગામી સાત તારીખે બોલાવવામાં આવેલી આ સામાન્ય સભામાં જામનગર જિલ્લા પંચાયતની કુલ આઠ જેટલી સમિતિઓની રચના કરવામાં આવશે.

આ સ્મિતિમાં કારોબારી સમિતિ, શિક્ષણ સમિતિ, સાત સાત સભ્યો તેમજ જાહેર બાંધકામ સમિતિમાં પાંચ સભ્યો,જ્યારે, ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ, મહિલા અને બાળ વિકાસ,યુવા તેમજ જાહેર આરોગ્ય,સામાજિક ન્યાય સમિતિમાં ચાર ચાર સભ્યોની નિમણૂક કરાશે. જિલ્લા પંચાયતની મહત્વની સમિતિ ઓમાં (જેમ કે કારોબારી, બાંધકામ, આરોગ્ય,શિક્ષણ, સિંચાઈ, મહિલા અને બાળ ,વગેરે) સ્થાન મેળવવા માટે ચૂંટાયેલા સભ્યો દ્વારા અત્યારથી જ પડદા પાછળની ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સમિતિઓમાં ચેરમેનપદ કે સભ્યપદ મેળવવા માટે સભ્યોએ ભાજપના

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લાની મંડળીઓનું ૪ જુલાઈ સુધી વિશેષ ઓડિટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાની તમામ સહકારી મંડળીઓ જોગ એક અગત્યની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ-જામનગર દ્વારા અન્ય પ્રકારની તેમજ ઔદ્યોગિક સહકારી મંડળીઓ માટે વિશેષ ઓડિટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે સહકારી મંડળીઓના વર્ષ ૩૧/૦૩/૨૦૨૬ સુધીના ઓડિટ કરવાના બાકી હોય, તેવી મંડળીઓના ઓડિટની કામગીરી સુચારુ રૂપે પૂર્ણ થાય તે હેતુથી આ કેમ્પ યોજાશે. આ ઓડિટ કેમ્પ આગામી તા.૨૯/૦૬/૨૦૨૬, તા.૩૦/૦૬/૨૦૨૬ તેમજ તા.૦૪/૦૭/૨૦૨૬ના રોજ સવારથી કચેરી સમય દરમિયાન યોજવામાં આવશે. આ કેમ્પનું આયોજન ''જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી, સેવા સદન, ત્રીજો માળ, લાલબંગલા કમ્પાઉન્ડ, જામનગર'' મુકામે કરવામાં આવ્યું છે. આથી, સંબંધિત તમામ સહકારી મંડળીઓના પદાધિકારીઓ/

અનુ પાના નં.૨ પર

# જામનગરના મંગલધામ સોસાયટી વિસ્તારમાંથી મદીરાના જથ્થા સાથે એક શખસની અટકાયત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મારૂ કંસારા હોલ પાછળ આવેલી મંગલધામ સોસાયટી વિસ્તારમાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૨૮૮ પ્લાસ્ટિકના ચપટા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. ૨૮,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વી. એમ. ડોડીયાની સૂચના મુજબ સર્વેલન્સ સ્કોડ પ્રોહિબિશન અંગે પેટ્રોલિંગમાં હતી.

આ દરમિયાન મંગલધામ



તસવીરઃ હિરેન ગાંધી

સોસાયટીમાં રહેતો રણજીતસિંહ બહાદુરસિંહ જાડેજા પોતાના મકાન તેમજ તેની બાજુના વાડામાં દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા આરોપી રણજીતસિંહ બહાદુરસિંહ જાડેજા (ઉ.વ. ૪૫) મળી આવ્યો હતો. તપાસ દરમિયાન તેના કબ્જાના વાડામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૨૮૮ પ્લાસ્ટિકના ચપટા મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૨૮,૮૦૦નો દારૂ કબ્જે કરી આરોપી સામે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

આ કાર્યવાહી પીઆઈ વી.એમ.ડોડીયા તથા એ.એસ. આઇ. નરેન્દ્રસિંહ ખુમાનસિંહ ઝાલા, રવીરાજસિહ અનીરૂદ્ધસિંહ જાડેજા,

અનુ પાના નં.૨ પર

# જામ-કલ્યાણપુરના સાની ડેમ વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે થતું રેતીનું વાહન ઝડપાયું

**સમય સંદેશઃ કાલાવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ દ્વારા રોયલ્ટી વગર થતી ખનીજની હેરાફેરી તેમજ ગેરકાયદેસર ખનીજ ખનન સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સુચના મુજબ ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન મુજબ કલ્યાણપુર પોલીસ મથકના પી.આઈ. આર.એન. હાથલીયા તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં સાની ડેમમાંથી ગેરકાયદેસર રીતે પોતાના વાહનો મારફતે રોયલ્ટી કે પાસ-પરમિટ વગર ટ્રેક્ટરની ટ્રોલીમાં



બિન-અધિકૃત રીતે રેતી ભરીને જતા જુદા જુદા સાત ટ્રેક્ટરો પોલીસે કબ્જે લીધા છે.

જેમાં કલ્યાણપુર તાલુકાના ચુર ગામના ભરત વજશી, કાના અરશી, સુનિલ કરસન, સુમાત દેશુર, મેરામણ કાના, કરણા મેરામણ અને ભીખા લખમણ નામના સાત શખ્સો સામે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

## મોટા આસોટા ગામેથી બોકસાઈટ ખનન ઝડપાયું

એલસીબી પોલીસની કાર્યવાહીમાં કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા ગામના સીમ વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે બોકસાઈટ (ખનીજ)નું ખનન કરવા સબબ વજસી સવદાસ લગારીયા અને સવદાસ કેશુ લગારીયા સામે જરૂરી કાર્યવાહી કરી, આ અંગે ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો છે. એલસીબી પી.આઈ. એન.એચ. જોશીની રાહબરી હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી અને એમ.આર. સવસેટાની ટીમ દ્વારા આ કાર્યવાહી કરાઈ હતી.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com